ધારાસભ્યશ્રી, મહાનુભાવો-બ્રહ્મઅગ્રણીઓની ઉપસ્થિતિમાં ૫૧ બટુકે શાસ્ત્રોક્ત વિધિથી ધારણ કરી જનોઈ

જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા યોજાઇ સમૂહ યજ્ઞોપવિત

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા બીજા વર્ષે બ્રાહ્મણ બટુકો માટે સમૂહ યજ્ઞોપવિતનાં ઉત્સવનું નિ:શુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શન ગ્રાઉન્ડ સામે એમ. પી. શાહ કોલેજ ગ્રાઉન્ડમાં યોજાયેલ કાર્યક્રમમાં કુલ ૫૧ બટુકે શાસ્ત્રોક્ત વિધીથી યજ્ઞોપવિત ધારણ કર્યું હતું. ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન નિલેશભાઇ કગથરા, શહેર ભાજપ પ્રમુખ ડો.વિમલભાઇ કગથરા, કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ, વરિષ્ઠ પત્રકાર હિરેન ત્રિવેદી વિગેરે મહાનુભાવો તથા બ્રહ્મ અગ્રણીઓ અતિથિ થયા હતાં. મુખ્ય મહાપ્રસાદના દાતા તરીકે સ્વ. મંજુલાબેન લક્ષ્મીદાસ પૂજારા પરિવાર દ્વારા આર્થિક અનુદાન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત વિવિધ દાતાઓ તથા મહાનુભાવોની સહયોગ સાંપડ્યો હતો. આયોજક શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કેતનભાઇ ભટ્ટ, ટ્રસ્ટીઓ જયદિપભાઇ રાવલ, સુનિલભાઇ જોષી, સિમિતભાઇ રાવલ, મહેશભાઈ રાવલ વિગેરે હોદ્દેદારો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી તથા આવતા વર્ષે પણ સમૂહ યજ્ઞોપવિતનાં કાર્યક્રમનાં આયોજનની ઘોષણા કરવામાં આવી હતી.

ખેલમહાકુંભઃ ભાટીયાની શાળામાં જુડો-ટોવીન્ડોની સ્પર્ધા

ખેલમહાકુંભ અંતર્ગત જુડો, ટોવીન્ડો તથા તથા આર્ચરીની જિલ્લા કક્ષાની સ્પર્ધા તથા રસ્સા ખેંચના તાલુકા કક્ષાની સ્પર્ધા ભાટીયાની એલએનપી હાઈસ્કુલમાં યોજાઈ હતી. જેમાં ૭૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડી.એલ. પરમાર, મામલતદાર સુવા, રમત ગમત અધિકારી કચેરીનો સ્ટાફ, ટીમ મેનેજરો ઉપસ્થિત રહ્યા હતાં.

અનેક-અવાર નવાર રજૂઆતના અંતે

ખંભાળિયા રામનાથ સોસાયટીનો વરસો જુનો વીજપ્રશ્ન ઉકેલાયો

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળિયા તા. ૨ ખંભાળિયામાં રામનાથ સોસાયટી, પોર ગેઈટ, પોલીસ સ્ટેશન વિસ્તાર, કુંભારવાડા સહિતના વિસ્તારોમાં વર્ષોથી વીજ પ્રશ્નો અવારનવાર થતાં હોય પવન કે વરસાદમાં કલાકો વીજ પુરવઠો ખોરવાઈ જવો તથા થી ફેસ કનેકશનોમાં પણ પુરતા વોલ્ટેજ ના મળવા ઉનાળામાં રાત્રે જાગરણ કરજીયાત જેવું થતું હોય આ વિસ્તારના, પૂર્વ પાલિકા પ્રમુખ કિશોર દત્તાણી, અગ્રણી હિતેન્દ્રભાઈ આચાર્ય, કપીલભાઈ દત્તાણી, કૌશિક ઉનડકડ, ચિરાગ દત્તાણી, દિવ્યેશ પલાણ, ગૌરવ સોની, હરીશભાઈ વગેરેની અવાર-નવાર રજૂઆતો પી.જી.વી.સી.એલ.ના કાર્ય.ઈજનેર ગોઝીયાના માર્ગદર્શનમાં શહેર ડેપ્યુટી ઈજનેર રોનક પટેલ તથા લાઈન ઈન્ચાર્જ કટર અનિલભાઈ વારીયાની ટીમ દ્વારા પોર ગેઈટથી રામનાથ પુલ સુધી મજબૂત કેબલ બન્ને સાઈડ નાખીને હવે પછી કમ્પલેઈન ના આવે તેવી સ્થિતિ બનાવી હતી.

બીજો મેઈન કેબલ ઈન્યુલેટેડ પડી જતાં હવે ડાળીઓ તૂટતા કે વરસાદ, પવનથી વીજ પુરવઠો નહીં ખોરવાય તથા નજીકના સમયમાં ત્રણેક મોટા ટી.સી. નાખીને વધુ પૂરતા વોલ્ટેજ સાથે વીજ પુરવઠો પ્રસ્થાપિત થશે.

વીજકાપનો સદુપયોગ કરીને ટાંકા-સંપ સાફ કરાતા

ખંભાળિયામાં આજથી રાબેતા મુજબ જળવિતરણ

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળિયા તા. ૨૦: ખંભાળિયા શહેરના કેટલાક વિસ્તારોમાં વીજ વાયર બાલવાના સંદર્ભમાં વીજ પુરવઠો સવારના ૮ થી સાંજના ૬ વાગ્યા સુધી બંધ હોય આ જાણ અગાઉથી થતાં ખંભાળિયા પાલિકા ચીફ ઓફિસર રાહુલ કરમૂરના માર્ગદર્શનમાં વોટર વર્કસ ઈજનેર એન.આર. નંદાણીયા તથા સ્ટાફે પાણીના સંપ તથા ટાંકા ઘી ડેમ પરના વોટર વર્કસમાં આવેલા તેની સફાઈ કરીને વીજકાપમાં પાણી વિતરણ બંધ રહેવાના સમયનો સદરુપયોગ કર્યો હતો. આજથી રાબેતા મુજબ પાણી વિતરણ તમામ બાકી રહેતા વિસ્તારોમાં થોડા વધુ સમય સાથે ચાલુ કરાયું છે.

આગામી તા. ૨૭ ફેબ્રુઆરીથી પરીક્ષા પ્રારંભઃ

ધો. ૧૦ અને ૧૨ પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે હેલ્પલાઈન નંબર જાહેર

જામનગર તા. ૨૦: ગુજરાત માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી બોર્ડની પરીક્ષા અન્વયે વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. આગામી તા. ૨૭-૨-૨૫ની ૧૭-૩-૨૫ સુધી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ લેવામાં આવનાર છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓને માર્ગદર્શન મળી રહે તે માટે ટોલ ફ્રી બોર્ડની નંબરો જાહેર કરવામાં આવ્યા છે. હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦, તા. ૨૭-૧-૨૫ થી તા. ૧૭-૩-૨૫ સુધી સવારે ૧૧ થી સાંજે ૬ સુધી કાર્યરત રહેશે.

શ્રી ગાયત્રી શક્તિપીઠ- જામનગર દ્વારા

ધો. ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થીઓ માટે તા. ૯ ફેબ્રુઆરીના શુભકામના યજ્ઞ

જામનગર તા. ૨૦: ધો. ૧૦, ૧૨ના વિદ્યાર્થીઓ માટે જામનગરના શ્રી ગાયત્રી શક્તિપીઠ દ્વારા આગામી તા. ૯-૨-૨૫ના શુભકામના યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું છે.

ધો. ૧૦, ૧૨ની બોર્ડની પરીક્ષામાં માટે વિદ્યાર્થીએ કરેલ મહેનત સાર્થક બને તેવા શુભ ભાવથી તા. ૯-૨-૨૫ના અને રવિવારે જામનગરના શ્રી ગાયત્રી શક્તિપીઠમાં ૧૫માં કુંડી મહાયજ્ઞનુ સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે.

નિ:શુલ્ક આ યજ્ઞમાં જોડાનાર વિદ્યાર્થીનું કુમકુમ, અક્ષતથી સ્વાગત કરવામાં આવશે. અને શુભેચ્છા રૂપે પેન-પુસ્તક અર્પણ કરી મોઢું મીઠું કરાવવામાં આવશે.

વિદ્યાર્થીના હસ્તે યજ્ઞમાં ગાયત્રી, સરસ્વતી, ગણેશજી, ગુરૂજી, સુર્યનારાયણ તેમજ મહામૃત્યુંજય મંત્રની આહુતિ આપવામાં આવશે.

પ્રથમ પાળી સવારે ૮ થી ૯, બીજી પાળી ૯ થી ૧૦, ત્રીજી પાળી ૧૦ થી ૧૧ અને ચોથી પાળી ૧૧ થી ૧૨માં યજ્ઞ ગોઠવવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાના અનુકુમ સમય માટે નામ નોંધાવી શકશે. દરેક પાળીના અંતે કેળવણીકાર દ્વારા પાંચ મિનિટ પ્રેરણાત્મક સ્પિચ આપવામાં આવશે.

શુભકામના યજ્ઞમાં જોડાવવા ઈચ્છતા વિદ્યાર્થીએ તા. ૭-૨-૨૫ સુધીમાં ગાયત્રી શક્તિ પીઠમાં (૦૨૮૮) ૨૭૧૦૦૪૧/૨૭૧૨૯૮૮ અથવા મોબાઈલ નંબર ૯૯૦૯૩ ૯૬૬૦૬/૯૬૩૯૨ ૨૭૦૭૯ માં પોતાના નામની નોંધ કરાવવાની રહેશે.

ગાયત્રી શક્તિ પીઠના સંપર્ક દ્વારા શાળામાં/છાત્રાલયમાં પણ યજ્ઞનો કાર્યક્રમ ગોઠવી શકાશે. તેમ જામનગરમાં શ્રી ગાયત્રી શક્તિ પીઠએ જણાવ્યું છે.

જીયારતે ઉમરાહ

જામનગર તા. ૨૦: જામનગરમાં મતવા મસ્જિદમાં તા. ૨૧-૧-૨૦૨૫ ના મગરીબ નમાઝ પછી મસ્જિદના ખાદીમ કાસમ અ.સતાર ફૂલવારા, હાફીઝ નો માન લશ્કરી હુશેનખાન પઠાણની સદારતમાં મક્કા, મદીના શરીફ ઉમરાહ કરવા રવાના થશે ત્યારે જુમ્મા મસ્જિદ ટ્રસ્ટ બોર્ડના આગેવાનો તમામને ફૂલહાર કરી સન્માન કરવામાં આવેલ હતાં. ગરવી ગુજરાત, આપણો દેશ પ્રગતિ કરે તેવી ખાસ દુઆ કરવા મતવા મસ્જિદના ઈમામ હાજી અ.કાદર આરબ કાજીએ હિન્દ-એ અપીલ કરેલ છે તેમ શફીક હાજી હુશેનભાઈ રાજકોટીયાએ જણાવ્યું છે.

મરહુમાની મજલીસ

જામનગરના મેરૂનબેન અબ્દુલરજાક કાશમાણી (રજા કીતાબવારા) નું તા. ૨૦-૧-૨૦૨૫ ના (ઈન્તેકાલ) અવસાન થયેલ છે. મરહુમાના સવાબ માટે ઝિયારતની મજલીસ તા. ૨૦-૧-૨૦૨૫ ના ઈશા નમાઝ પછી નવી નુરી મસ્જિદ, ફરારાવાડ, જામનગરમાં રાખેલ છે. જેમાં હાફીઝ મોહમંદ યુસુફ (કસાઈ મસ્જિદ) ના પેશ ઈમામ નુરી તકરીર ફરમાવશે.

મીઠાપુરઃ ડીએવી પબ્લિક સ્કૂલમાં ઈકોસ્ક્વિયર-પરસ્કાર વિતરણ સમારોહ

(તસ્વીરઃ નિરવ સુતરીયા)

મીઠાપુર તા. ૨૦: મીઠાપુરમાં આવેલ ટાટા કેમ ડીએવી પબ્લિક સ્કૂલમાં ઈકોસ્ક્વિયર અને વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો હતો.

જેમાં શૈક્ષણિક પ્રતિભા અને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાની અનોખી જ ઝલક જોવા મળી હતી. આ કાર્યક્રમમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સમાજશાસ્ત્ર, રમતગમત, અર્થશાસ્ત્ર, કમ્પ્યુટર, સંગીત, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલ વિવિધ પ્રોજેક્ટોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ તકે આ ઈકોસ્ક્વિયરને મીઠાપુર ટાટા કેમિકલ્સના સીએમઓએન કામથના હસ્તે ખુલ્લો મૂકાયો હતો. તેમણે દરેક પ્રોજેક્ટોને અંગત રસ લઈ ધ્યાનપૂર્વક અવલોકન કરી નિહાળ્યા હતાં અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કામથ સાથે મીઠાપુર ટાટા કેમિકલ્સના અન્ય મહાનુભાવો, અન્ય શાળાઓના આચાર્યો, મીઠાપુર ટાટા હોસ્પિટલના હેડ સંજીવ ભટનાગર ઉપસ્થિત રહ્યા હતાં.

મેરૂ તો ડગે પણ જેના મનડાં ડગે નહિ...

વીસ વર્ષ સુધી સૈન્યની નોકરી પછી ૪૧ વર્ષની વયે આઈએએસ બન્યા દ્વારકાના પ્રાંત અધિકારી

એક પ્રેરણાત્મક સાફલ્યગાથા

એલએલબી, એનસીસી, સી.ડી.એલ., સિવિલ સર્વિસમાં પરીક્ષાઓ પાસ કરી!

કહેવાય છે કે તમે જો મન મકકમ કરો તો સફળતા ગમે તેવી મુશ્કેલ હોય મળે જ છે!! તેમ કહેવાય છે ને કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી કંઈક તેવી જ અનોખી કહાણી દ્વારકા આસીસ્ટંટ કલેકટર અમોલ આવરેની છે!!

મહારાષ્ટ્રમાં જન્મેલા અમોલ આવરેના પિતા મહારાષ્ટ્ર રાજયમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ વિભાગમાં હતા. તેમની બે-ત્રણ વર્ષ અલગ શહેરમાં બદલી થતી છતાં પણ અમોલ આવરે એ મીલીટરની અઘરી પરીક્ષા એન.ડી.એ. પાસ કરી, એલ.એલ.બી. પાસ કરી અને છેવટે કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ સી.ડી.એસ. પાસ કરીને ઈન્ડીયન મીલીટરી એકેડેમી દહેરાદુનમાં ટ્રેનીંગ લેવા ગયેલા.

એન.સી.સી.માં બેસ્ટ કેડેટ ઓલ ઈન્ડિયા બનનાર અમોલ આવરે એન.સી.સી.માં વિદેશ પણ ગયા હતા તે પછી લશ્કરમાં નોકરી કરી અને વીસ વર્ષ પછી ચેન્નઈમાં નોકરીમાંથી નિવૃત્ત થયા સિવિલ સર્વિસની પરીક્ષા આપવા ત્યારે તેમની ઉમર ૪૧ હતી!!

૨૦૨૦થી જ કોવીડના સમયથી તેમણે તૈયારીઓ શરૂ કરી દીધેલ અને સવારે ૩ા વાગ્યાથી તૈયારી શરૂ કરતા અમોલ આવરે અર્થશાસ્ત્રના સ્નાતક તથા આઈએએસમાં ભૂગોળ વૈકલ્પિક વિષય ધરાવનારા ફાયનલ ઈન્ટરવ્યૂમાં ૨૦૧ ગુણ મેળવનાર ભાગ્યશાળી ઉમેદવાર હતા!!

આઈ.એ.એલ. જનરલ કેટેગરીમાં ઉંમર મર્યાદા ૩૨ વર્ષની છે. પણ એકસ સર્વિસ મેનને પાંચ વર્ષ તથા મિલીટરી સર્વિસમાં ગંભીર ઈજા બદલ બીજા પાંચ વર્ષ મળે તેથી અમોલ આવરે ૪૧ વર્ષે પરીક્ષા આપી પણ એક જ પ્રયત્ને પારેલા આઈ.એ.એસ. માટે હતો અને તેમાં સફળ થઈ ગયા!!

એક ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવેલ કે ૨૦-૨૦ વર્ષ મીલીટરીમાં કાઢયા પછી સિવિલ સર્વિસમાં જવા માંગતા તેમના વ્યવસાયના લોકો દાંત કાઢતા હતા પણ આ અડગ મનના અધિકારીએ ૨૦ વર્ષ મીલીટરી જીવન માણ્યું હવે સિવિલ સર્વિસીઝમાં લોકોની સેવા કરવી છે. ધ્યેય સાથે ઝંપલાવ્યું અને સફળ થયા ૨૦૨૧માં આઈ.એ.એસ. પાસ ૨૦૨૨માં ટ્રેનીંગ અને ૨૦૨૪માં દ્વારકા પોસ્ટીંગ થયું!!

પોલોના ખેલાડી અમોલ શાંતારામ આવરેના પત્ની પણ મીલીટરીમાં ડોકટર હતા તથા તાજેતરમાં દ્વારકા તથા બેટ દ્વારકામાં ડિમોલેશનમાં ચાવીરૂપ ભૂમિકા સાથે લશ્કરી અધિકારી સનદી અધિકારી બને તો કેવું કામ કરી શકે તેનો દાખલો તથા દ્વારકા જિલ્લામાં બેસાડનાર અમોલ આવરેની કામગીરી પ્રશંસા સાથે ૨૦ વર્ષ મીલીટરી નોકરી પછી આઈ.એ.એસ. થવાનું અનેક યુવાનો માટે ખૂબ જ પ્રેરણાત્મક રહ્યું છે.

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. હમીરભાઈ પરબતભાઈ કરમુર

સ્વ.તા.૨૦-૧-૨૦૨૩ (શુકવાર)

જીવનની ઠરપળ હસતા રહ્યા, સ્નેહથી સૌના હૃદયમાં વસતા રહ્યા, કર્મ અને ધર્મ જાણી સર્વત્ર સુગંધ ફેલાવી ગયા, પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

રામશીભાઈ ડાડુભાઈ કરમુર (કાકા)
કરશનભાઈ પરબતભાઈ કરમુર (મોટાભાઈ)
(પૂર્વ ડેપ્યૂટી મેયર, પ્રમુખ-આમ આદમી પાર્ટી)
બિપીનભાઈ રામશીભાઈ કરમુર (ભાઈ)
રાજુ હમીરભાઈ કરમુર (પુત્ર)
દીપ હમીરભાઈ કરમુર (પુત્ર)
જય ઘેલુભાઈ કરમુર (ભત્રીજા)
હર્ષિલ કરસનભાઈ કરમુર (ભત્રીજા)
તથા કરમુર પરિવારના જયશ્રી કૃષ્ણ...

દુઃખદ અવસાન પ્રાર્થના સભા

સ્વ.કાંતાબેન રમણીકલાલ જડિયા

સ્વ.તા.૧૯-૦૧-૨૦૨૫, રવિવાર

જામનગર નિવાસી કાંતાબેન રમણીકલાલ જડિયા (ઉ.વ. ૮૩) તે સ્વ. રમણીકલાલ જડિયાના પુત્રી, કિશોરભાઈ રમણીકલાલ જડિયા તથા કિરણભાઈ રમણીકલાલ જડિયાના બહેન, નયનાબેન કૌશિકકુમાર શાહના માતૃશ્રી, ચાસિત કિશોરકુમાર જડિયા (ચાર. જે. જ્વેલર્સ)ના દૈવા તા. ૧૯-૧-૨૦૨૫ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

સદ્‌ગતની પ્રાર્થના સભા

તા.૨૦-૧-૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૫:૦૦ થી ૫:૩૦ કલાકે પાબારી હોલ બેઝમેન્ટ, તળાવની પાળ, જામનગર ખાતે બાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

સમગ્ર જડિયા પરિવારના જયશ્રી કૃષ્ણ

દુઃખદ અવસાન - બેસણું

સ્વ. હરદાસભાઈ ગોવિંદભાઈ સંતોકી

સ્વ. તા. ૧૯-૦૧-૨૫ (રવિવાર)

મુળ વતન : બાદનપર , હાલ : જામનગર નિવાસી હરદાસભાઈ ગોવિંદભાઈ સંતોકી (ઉંમર વર્ષ : ૯૭) તે નાનજીભાઈ તથા કાંતિભાઈના પિતાશ્રીનું તા.૧૯-૦૧-૨૫ ને રવિવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

:: સદ્‌ગતનું બેસણું ::
૧) તા. ૨૧-૦૧-૨૫ ને મંગળવાર ના રોજ બપોરે ૩ થી ૪ વાગ્યે, સ્થળ : શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી સોસાયટી, જામનગર ખાતે રાખેલ છે.
૨) તા. ૨૧-૦૧-૨૫ ને મંગળવાર ના રોજ સાંજે ૮ વાગ્યે, સ્થળ : સંતોકીભવન, બાદનપર ખાતે રાખેલ છે.

નાનજીભાઈ હરદાસભાઈ સંતોકી - ૯૪૨૭૨ ૪૧૫૧૧
કાંતિભાઈ હરદાસભાઈ સંતોકી - ૯૪૦૮૩ ૨૦૫૩૦
પ્રિયેશભાઈ નાનજીભાઈ સંતોકી - વિનીતભાઈ કાંતિભાઈ સંતોકી
તથા સંતોકી પરિવારના જયશ્રી કૃષ્ણ

પટેલ ઈલેકટ્રીક | પટેલ રેફ્રીજરેશન